પ્રાપ્તી તારીખ– ૧/૧/૨૦૧૯
દાખલ તારીખ–૧/૧/૨૦૧૯
નિર્ણિત તારીખ– ૪/૧૦/૨૦૧૯
અવધિ–૦ વર્ષ ૯ માસ ૩ દિવસ

**<u>નર્મદા જીલ્લાના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબ સમક્ષ</u>**
**મું. રાજપીપળા.**

**<u>સીવીલ પરચુરણ અરજી નં. ૧/૨૦૧૯</u>**
**આંક–**

સોમલીબેન ઉર્ફે શ્યામલીબેન
શીવજીભાઈ વસાવા
ઉ.આ.વ. ૫૫, ધંધો– ખેતી
રહેવાસી– ઓરી,
તા. નાંદોદ, જી. નર્મદા. ........................................ **અરજદાર**

**<u>વિ રૂ દ્ધ</u>**

૧. કપીલાબેન પાડસીંગ વસાવા
ઉ.આ.વ. ૪૯, ધંધો– ખેતી
રહેવાસી– પાટણા,
તા. નાંદોદ, જી. નર્મદા.

૨. આશાબેન પાડસીંગ વસાવા
ઉ.આ.વ. ૪૫, ધંધો– ઘરકામ
રહેવાસી– પાટણા,
તા. નાંદોદ, જી. નર્મદા.

૩. હરેશભાઈ પાડસીંગ વસાવા
ઉ.આ.વ. ૪૩, ધંધો– ખેતી
રહેવાસી– પાટણા,
તા. નાંદોદ, જી. નર્મદા.

૪. સુરેશભાઈ પાડસીંગ વસાવા
ઉ.આ.વ. ૪૦, ધંધો– ખેતી
રહેવાસી– પાટણા,
તા. નાંદોદ, જી. નર્મદા.

૫. પાર્વતીબેન હાનીયાભાઈ વસાવા
ઉ.આ.વ. ૫૫, ધંધો– ઘરકામ
રહેવાસી– મું.નંદપુરા, પો.ટીંબી,
તા. નાંદોદ, જી. નર્મદા.

૬. કપીલાબેન શીવજીભાઈ વસાવા
ઉ.આ.વ. ૫૩, ધંધો– ઘરકામ
રહેવાસી– રેલવે સ્ટેશન પાસે,
વાસદ, તા.જી. આણંદ.

૭. ચંપાબેન શીવજીભાઈ વસાવા
ઉ.આ.વ. પુખ્ત, ધંધો– ઘરકામ
રહેવાસી– રેલવે સ્ટેશન પાસે,
વાસદ, તા.જી. આણંદ.

૮. સવિતાબેન શીવજીભાઈ વસાવા
ઉ.આ.વ. પુખ્ત, ધંધો– ઘરકામ
રહેવાસી– રેલવે સ્ટેશન પાસે,
વાસદ, તા.જી. આણંદ.

૯. શોભનાબેન શીવજીભાઈ વસાવા
ઉ.આ.વ. પુખ્ત, ધંધો– ઘરકામ
રહેવાસી– રેલવે સ્ટેશન પાસે,
વાસદ, તા.જી. આણંદ.

૧૦. મીનાબેન શીવજીભાઈ વસાવા
ઉ.આ.વ. પુખ્ત, ધંધો– ઘરકામ
રહેવાસી– રેલવે સ્ટેશન પાસે,
વાસદ, તા.જી. આણંદ.

૧૧. સંજયભાઈ શીવજીભાઈ વસાવા
ઉ.આ.વ. પુખ્ત, ધંધો– મજુરી
રહેવાસી– રેલવે સ્ટેશન પાસે,
વાસદ, તા.જી. આણંદ. ........................................ **સામાવાળાઓ**

**અરજ**– વિલંબ દરગુજર કરવાની અરજી.

---

અરજદાર તરફે વિ.વ.શ્રી **એસ.એમ. પઢીયાર**
સામાવાળાઓ તરફે વિ.વ.શ્રી **એ. ડી. બલુચી**

---

**<u>:: ચૂ કા દો ::</u>**

(૧) આ કામના અરજદાર તરફથી હાલની અરજી લીમીટેશન એકટની કલમ–પ હેઠળ વિ. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજશ્રી (કે જેને હવે પછી ' નીચેની કોર્ટ' અગર ' ટ્રાયલ કોર્ટ ' તરીકે સંબોધવામાં આવેલ છે ) રાજપીપળાના હુકમ વિરૂધ્ધ રેગ્યુલર સીવીલ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા માટે અરજીમાં જણાવેલા કારણો મુજબ દાખલ કરેલી છે. જે તેઓએ નીચેની કોર્ટના વિ. સીવીલ જજશ્રીએ રેગ્યુલર દિવાની મુકદ્દમા નંબર–ર૩/ર૦૧પ ના કામે તારીખ–૩૧/૮/ર૦૧૮ ના રોજ અરજદાર મૂળ વાદીનો દાવો નામંજુર કરતો હુકમ કરેલ હોવાથી તેવા હુકમથી નારાજ થઈ અપીલ દાખલ કરવા માટે સમય વિતિ ગયેલ હોવાના કારણસર વિતેલ સમય માફ કરવા તેમાં જણાવેલા કારણોસર હાલની વિલંબ માફીની અરજી દાખલ કરેલ છે. ખાસ કરી કારણ આપેલ છે કે, હુકમની જાણ તેઓને મોડી થઈ હતી તેમજ આ કામના અરજદાર અભણ આદીવાસી સ્ત્રી હોઈ અપીલ કરવાની સમજ નહતી અને વકીલશ્રીનો સંપર્ક કરી અપીલ દાખલ કરવાની હોઈ તે કારણોસર વિલંબ થયેલ હોવાથી સમયસર અપીલ દાખલ થઈ શકેલ નથી અને નિયત કરેલા સમય કરતા વધુ ત્રણ માસ અને પચ્ચીસ દિવસનો સમય વિતિ ગયેલ છે જે વિતેલા સમયનો વિલંબ માફ કરવા માંગણી કરેલ છે.

(ર) હાલની વિલંબ માફીની અરજી દાખલ કરી સામાપક્ષને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા નંબર–૧ થી ૪ ને બજી ગયેલી છે. સામાવાળા નંબર–૬ તરફે વિ.વ.શ્રી એ.ડી. બલુચી હાજર થયેલ છે, તેઓએ આંક–૮ થી સોગંદનામું રજૂ કરી અપીલ મંજુર કરવા સામે વાંધો નહી હોવાનું જાહેર કરેલ છે. સામાવાળા નંબર–પ અને ૭ થી ૧૦ તરફે જાહેર નોટીસથી બજી જવા છતાં હાજર થયેલ નથી. હાલની અરજી તથા રજૂ પેપર્સ વંચાણે લીધા. પક્ષકારોના વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૩) સદરહુ અરજી તથા સાથે રજૂ પેપર્સ વંચાણે લીધા. સદરહુ કામે અરજદારની હકીકત જોવામાં આવે તો હુકમની જાણ તેઓને મોડી થઈ હતી તેમજ આ કામના અરજદાર અભણ

આદીવાસી સ્ત્રી હોઈ અપીલ કરવાની સમજ નહતી અને વકીલશ્રીનો સંપર્ક કરી અપીલ દાખલ કરવાની હોઈ તે કારણોસર વિલંબ થયેલ હોવાથી સમયસર અપીલ દાખલ થઈ શકેલ નથી અને નિયત કરેલા સમય કરતા વધુ ત્રણ માસ અને પચ્ચીસ દિવસનો સમય વિતિ ગયેલ છે જે વિતેલા સમયનો વિલંબ માફ કરવા માંગણી કરેલ છે. સામાવાળાએ આ કામે વિલંબના પ્રત્યેક દિવસનો ખૂલાશો કરવો જોઈએ જે કરેલ નથી તેમ દલીલ રજુઆત કરેલ છે. અરજદાર જણાવે છે તેવા કોઈ કારણો વિલંબ માટેના હતા નહી અને જે કારણો દર્શાવેલા છે તે ખોટા છે. આમ છતાં અરજદાર પોતે તન્દ્રામાં હોય કે અસહય વિલંબ થયેલ હોય તેમ જણાઈ આવતું ના હોઈ સ્થાવર મિલકત અંગેની તકરાર હોવાનું જણાઈ આવતું હોઈ જો હાલની વિલંબ માફીની અરજી મંજુર કરવામાં આવે તો પક્ષકારોને ગુણદોષ ઉપર ન્યાય મળી રહે તેમ આ કોર્ટનું માનવું છે. વળી નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સુપ્રિમકોર્ટના ચૂકાદાઓ જોતા પક્ષકારોને તેઓની રજુઆત કર્યા બાદ તેઓની તકરારનો નિર્ણય ગુણદોષ ઉપર કરવો જોઈએ અને વિલંબ જેવા ટેકનીકલ કારણથી પક્ષકારોને તેમની તકરારનો યોગ્ય પ્રક્રિયા અનુસર્યા વગર નિર્ણય થાય તે યોગ્ય ગણેલ નથી. જે સંજોગોમાં હાલની અરજી મંજુર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું મારૂ માનવું છે. વળી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૨૦૦૧ (૧) જી. એલ.એચ.(યુ.જે) પાના નંબર–૧૧ કાંતીલાલ વલ્લભદાસ એન્ડ કંપની વિરૂધ્ધ કારડીયા માંદાભાઈ નાથુભાઈના કેસમાં એવું ઠરાવેલ છે કે, " પુરતુ કારણ, તે શબ્દનું અર્થઘટન ન્યાયનો હેતુ પૂર્ણ થાય તે રીતે કરવું જોઈએ. " નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા ૨૦૧૦ (૨) જી.એલ.આર. એન.ઓ.સી. ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ લુધીયાણા વિરૂધ્ધ જીગરસીંગ અને બીજાઓના ચૂકાદામાં એવું અવલોકન કરેલ છે કે, " કેસનો નિકાલ ગુણદોષ ઉપર કરવામાં આવે ત્યારે તેનો ન્યાયિક નિર્ણય થયો કહી શકાય. કેસનો નિકાલ ગુણદોષ ઉપર કરવો જોઈએ, નહીં કે ટેકનીકલ કારણોસર અરજી રદ કરવી જોઈએ. " વધુમાં ૧૯૮૭ (૧) જી.એલ.આર. પાના નંબર–૩૫૮ ના ચૂકાદામાં પણ એવું અવલોકન કરેલ છે કે, " સામાન્ય રીતે વિલંબના કિસ્સામાં કોર્ટ ધ્વારા ઉદાર અભિગમ અપનાવવો જોઈએ અને ખૂબ જ ટેકનીકલ અભિગમ અપનાવવો ના જોઈએ. " હાલના કિસ્સામાં પણ અરજદાર પોતે સંપૂર્ણ નિંદ્રામાં હોય તેમ જણાઈ આવતું નથી. ઉપરોકત સંજોગોમાં સદરહુ ચૂકાદાઓ તથા વિલંબનો સમય ધ્યાને લેતા તેમજ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ પક્ષકારોની તકરારોનો નિર્ણય બંને પક્ષકારોને સાંભળી કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોવાથી આ ચૂકાદાઓ ધ્યાને લઈ અરજદારની અરજી મંજુર કરવા યોગ્ય, વ્યાજબી

અને ન્યાયી કારણો જણાઈ આવતા હોઈ અરજી મંજુર કરતો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. અરજદાર/એપેલન્ટની હાલની વિલંબ માફીની અરજી મંજુર કરવામાં આવે છે અને સદરહુ વિલંબ માફીની અરજીની સાથે રજુ કરવામાં આવેલ રેગ્યુલર સીવીલ અપીલને નંબર પાડી રજીસ્ટરે લેવાનો ઓફીસને હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૪, ઓકટોબર ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૪/૧૦/૨૦૧૯
સ્થળ: રાજપીપલા

(**જશવંતસિંહ પૃથ્વીસિંહ ગઢવી**)
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, નર્મદા
મું. રાજપીપલા.
**(યુ.આઈ.કોડ નં. જી.જે. ૦૦૨૭૩)**